# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC "A" (3.02) State University

પો.બો.નં.૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ–૩૮૪૨૬૫ (ઉ.ગુ.)


વિષય : ૨૦૧૭–૧૮ના શૈક્ષણિક વર્ષે યુનિ.અનુસ્તાનક વિભાગ અને કોલેજ અનુસ્નાતક કેન્દ્રોમાં એમ.એ.સેમેસ્ટર – ૧ અને એમ.કોમ. સેમેસ્ટર–૧ ના અભ્યાસક્રમમાં પ્રવેશ આપવાનો કાર્યક્રમ પ્રસિધ્ધ કરવા બાબત....

પરિપત્ર નંબર : ૧૦૯ / ૨૦૧૭

આ યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ અને કોમર્સ કોલેજોના અનુસ્નાતક કેન્દ્રો અને યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગોમાં (એમ.એ. સેમ – ૧ અને એમ.કોમ.સેમ – ૧) ના વર્ગમાં પ્રવેશ જે તે અનુસ્તાક કેન્દ્રની કોલેજ / યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગ ધ્વારા આપવામાં આવતા હતા.

જુન–૨૦૧૭ થી શરુ થતા શૈક્ષણિક વર્ષમાં પ્રવેશની બાબતમાં એકસૂત્રતા જળવાય અને શૈક્ષણિક કાર્ય એક સાથે શરૂ થઈ શકે. વિદ્યાથીઓને યુનિવર્સિટી વિભાગ કે કોલેજ પસંદગી કરવામાં અનુકૂળતા વધે તે હેતુ ધ્યાને લઈને (એમ.એ. સેમ – ૧ અને એમ.કોમ.સેમ–૧)ના વર્ગમાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી ધ્વારા ઓન લાઈન પ્રવેશ આપવાનું નકકી કરવામાં આવેલ છે. ઓન લાઈન પ્રવેશ ફોર્મ યુનિવર્સિટી વેબ સાઈટ www.ngu.ac.in પર મુકવામાં આવશે.

પ્રવેશની કાર્યવાહી ઝડપી થાય તે હેતુથી પ્રવેશ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ : ૧૫–૬–૨૦૧૭ જાહેરાતમાં દર્શાવવામાં આવી હતી.તેને બદલે પ્રવેશ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ : ૬–૬–૨૦૧૭ રાખવામાં આવેલ છે.

પ્રવેશ અંગેનો કાર્યક્રમ નીચે મુજબ છે.જે અન્વયે આ યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ અને કોમર્સ કોલેજોના અનુસ્નાતક કેન્દ્રો અને યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગોએ કાર્યવાહી કરવાની રહેશે.

| અનું | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | કોલેજે પ્રથમ પ્રવેશયાદી પ્રસિધ્ધ કરવાની તારીખ | ૦૮–૦૬–૨૦૧૭ |
| ૨ | કોલેજે પ્રથમ પ્રવેશયાદીના વિદ્યાર્થીઓ પાસેથી ફી સ્વીકારવાની તારીખ | ૦૮–૦૬–૨૦૧૭ થી ૧૦–૦૬–૨૦૧૭ |
| ૩ | કોલેજે બીજી પ્રવેશયાદી પ્રસિધ્ધ કરવાની તારીખ | ૧૨–૦૬–૨૦૧૭ |
| ૪ | કોલેજે બીજી પ્રવેશયાદીના વિદ્યાર્થીઓ પાસેથી ફી સ્વીકારવાની તારીખ | ૧૨–૦૬–૨૦૧૭ થી ૧૪–૦૬–૨૦૧૭ |
| ૫ | શૈક્ષણિક સત્ર શરૂ | ૧૫–૦૬–૨૦૧૭ |

(ર્ડા.ડી.એમ.પટેલ)
કા.કુલસચિવ

નં.એકે / અનુ/ 2357 / ૨૦૧૭
તા.૨૨/૦૫/૨૦૧૭
યુનિવર્સિટી રોડ
પાટણ (ઉ.ગુ) ૩૮૪૨૬૫

પ્રતિ,
(૧) યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ અને કોમર્સ કોલેજોના અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રી અને યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગોના અધ્યક્ષશ્રી જાણ અને જરૂરી કાર્યવાહી કરવા સારૂ.
(૨) અધ્યક્ષ,મધ્યસ્થ પ્રવેશ એકમ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ જાણ અને જરૂરી કાર્યવાહી કરવા સારૂ.
(૩) કુલપતિશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ જાણ સારૂ
(૪) કુલસચિવશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ જાણ સારૂ
(૫) કમ્પ્યુટર સેન્ટર વેબસાઈટ મૂકવા સારૂ.